ગાંધીનગરમાં રાતની કડકડતી ઠંડીમાં પણ ધમધમતા ટ્યુશન ક્લાસીસ

વિદ્યાર્થીઓ અભ્યાસના ભોગે ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે ત્યારે શિક્ષકોને ટ્યુશન બેચની ચિંતા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં હાડ થિજાવતી ઠંડીએ સમી સાંજથી જ નગરજનોને ઘરમાં પુરાઈ રહેવા મજબૂર કર્યા છે. ત્યારે નગરમાં મોડીરાત સુધી ટ્યુશન ક્લાસીસ ધમધમી રહ્યા છે. અભ્યાસ અર્થે ચિંતીત વિદ્યાર્થીઓ ઠંડીમાં ઠુંઠવાઈને પણ ટ્યુશન ક્લાસીસ એટેન્ડ કરી રહ્યા છે. તો બીજી તરફ આવા ટ્યુશન ચલાવતા શિક્ષકો દિવસ દરમ્યાન સમય ન રહેતા રાત્રે પણ ટ્યુશને વિદ્યાર્થીઓને બોલાવી ટ્યુશન બેચને ન્યાય આપી રહ્યા છે. જો કે ધો. ૧૦થી ૧૨ની સેમેસ્ટર પદ્ધતિ મુજબના અભ્યાસક્રમને પહોંચી વળવા અને પોતાની શાખને બરકરાર રાખવા શિક્ષકો વિદ્યાર્થીઓ પાસે અભ્યાસલક્ષી મહેનત કરાવે છે. તે હકીકતે વાલીઓ પણ આ સ્થિતિને સ્વીકારવા મજબૂર બન્યા છે.

કડકડતી ઠંડીએ પાટનગરવાસીઓને હચમચાવી મુક્યા છે. જેથી સમી સાંજ થતાં જ માર્ગો સુમસામ બની જાય છે. પરંતુ રાત્રીના ૧૦થી ૧૧ વાગ્યા સુધી સાઈકલ અને અન્ય બે ચક્રીય વાહનો ઉપર વિદ્યાર્થીઓ માર્ગો ઉપર નજરે પડી રહ્યા છે. નગરમાં નામાંકિત શિક્ષકો અને ટ્યુશન ક્લાસીસમાં મોડી રાત સુધી ટ્યુશન કરાવતા હોવાના દૃશ્યો નગરમાં ચોક્કસ સ્થળે વિદ્યાર્થીઓના પાર્કિંગ કરેલા વાહનો ઉપરથી ખબર પડે છે. જો કે ધો. ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દી માટે અભ્યાસ બાબતે કંઈ પણ જતુ ન કરવાની તેમની ધગશ થકી મોડી રાતના ટ્યુશનમાં જવા મજબૂર બને છે.

જો કે નામાંકિત શિક્ષકો અને ટ્યુશન ક્લાસીસ વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ અને તેમની શાખ બાબતે ચિંતીત હોઈ શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી વિદ્યાર્થીઓ પાસે વધુ મહેનત કરાવે છે. તેવું વાલીઓ ચર્ચી રહ્યા છે. તો બીજી તરફ આ ટ્યુશન ક્લાસીસ અને શિક્ષકો પોતાના આવકના સ્ત્રોતને જાળવી રાખવા દિવસ અને રાત્રીની બેચ નક્કી કરી અલગ અલગ સમયે વિદ્યાર્થીઓને બોલાવે છે. જેમાં હાલ કાતિલ ઠંડીમાં પણ મોડી રાત સુધી ટ્યુશન ચાલુ રખાય છે. તેવું પણ નગરમાં ચર્ચાઈ રહ્યુ છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખી ટ્યુશન ચલાવતા શિક્ષકોએ આ અંગે યોગ્ય માર્ગ અપનાવી અભ્યાસને મહત્વ આપવું જોઈએ જેમાં વિદ્યાર્થીઓના ઘરે કે તેમના ઘર નજીકની વ્યવસ્થા હાથ ધરાય તે હાલની કડકડતી ઠંડીમાં ઈચ્છનીય બન્યું છે.

પાણીના પ્રશ્ને ધોળાકુવા ગામની મહીલાઓએ તંત્ર સમક્ષ રજૂઆત કરી

વણઝારા વાસમાં પાણી ન આવતા રહીશોમાં આક્રોશ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણી, ગટર અને રસ્તાના પ્રશ્નો હજુ હલ થયા નથી. ધોળાકુવામાં પણ પાણીની સમસ્યા પેચીદી બની છે. ધોળાકુવાના વણઝારા વસાહતની મહીલાએ આજે પાણીના પ્રશ્ને તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી.

શહેરી વિસ્તારના ગામોમાં છાશવારે પાણીની સમસ્યા ઉદભવે છે. ગામોની ટોપોગ્રાફી પણ પાણી અને ગટરની સમસ્યા માટે જવાબદાર હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. જ્યારે પાણી માટે પર્યાપ્ત બોર તેમજ પાઈપલાઈનનું અપગ્રેડેશન ન થતા પ્રશ્ન વણઉકેલ્યો રહ્યો હોવાનો આક્રોશ પણ સેવાઈ રહ્યો છે. બોરીજમાં પાણીના પ્રશ્નને ડામવા નવો બોર બનાવવાનું આયોજન કરી દેવાયું છે. ધોળાકુવામાં પણ પાણીની સમસ્યાને ડામવા છાશવારે ગ્રામજનો દ્વારા રજુઆત કરવામાં આવે છે અગાઉ પણ રામ વસાહતમાં પાણી ન મળતા ગ્રામજનોએ આક્રોશપૂર્ણ રજૂઆત કરી હતી. આમ છતાં આ સ્થિતિમાં કોઈ ખાસ સુધાર આવ્યો નથી. હાલ ગામના વણઝારા વાસમાં પણ પાણી ન આવતા સ્થાનિક રહીશોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. વણઝારા વાસમાં ૪૦ જેટલા ઘરોનો વસવાટ છે. પાણી ન આવતા મહીલાઓએ અડધો કીમી દૂર લાંબા થવું પડે છે. વણઝારા વાસની મહીલાઓએ આજે આ મામલે પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી.

સૌરાષ્ટમાં આવેલા ઢસા- રાયસાંકળિયાનું પોતાનું નાનું રાજય ભારતના સ્વતંત્રતા યજ્ઞમાં સામે ચાલીને સોંપી દેનાર શ્રી દરબારસાહેબ દેસાઈની ૧૨૮મી જન્મજયંતિ નિમિત્તે વિધાનસભા પોડિયમમાં મૂકાયેલા તેમના તૈલચિત્રને આજે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના હસ્તેના ભાવસભર પુષ્પાંજલિ અપાઈ હતી.

ઝુંડાલ રોડ પર એમટીએસની ટક્કરે આધેડનું મૃત્યુ

એક સપ્તાહ પહેલા અડાલજ બ્રીજ પાસે સર્જાયેલ અકસ્માતમાં ઘવાયેલ એક વૃદ્ધનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક ઝુંડાલ રોડ પર ચાલતા જઈ રહેલા એક આધેડને ગઈ મોડી સાંજે એમટીએસ બસના ચાલકે અડફેટે લઈ લેતા આધેડનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. તો બીજી તરફ એક સપ્તાહ પહેલા અડાલજ બ્રીજ પર અજાણ્યા વાહનની ટક્કરે ઘવાયેલા એક વૃદ્ધનું ગઈ મોડી સાંજે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. અડાલજ પોલીસે બંને ગુના દાખલ કરીને તપાસનો દૌર શરૂ કર્યો છે.

ઝુંડાલ રોડ પર ડીવાઈન ચાઈલ્ડ સ્કૂલ સામેથી ગઈ મોડી સાંજે ઝુંડાલ ગામના એક ૪૦ વર્ષીય આધેડ લક્ષ્મણજી ભવાનજી ઠાકોર ચાલતા જઈ રહ્યા હતા ત્યારે બેફામ ગતિએ નીકળેલી એએમટીએસ બસે તેમને અડફેટે લઈ લેતા લક્ષ્મણજીનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે એમટીએસના અજાણ્યા ડ્રાઈવર સામે અડાલજ પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે. જ્યારે એક સપ્તાહ પહેલા ૧૩ ડિસેમ્બરે એક અજાણ્યા વાહન ચાલકે અડાલજ બ્રીજ ક્રોસ કરી રહેલા ૫૧ વર્ષિય વૃદ્ધ સબ્બીરહુસેન ફકીર મહોમ્મદને ટક્કર મારી હતી. હોસ્પિટલમાં જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહેલા વૃદ્ધનું ગઈ સાંજે પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. અડાલજ પીએસઆઈ બી.કે.વાઘેલાએ ગુનો નોંધીને ગુનાની તપાસ શરૂ કરી છે.

નભોઈ મર્ડર કેસ ડીટેક્ટ

લગ્નની પાર્ટીનો દારૂ પીવડાવી મિત્રએ જ હત્યા કરી નાંખી હતી

ગળુ કાપીને હત્યારો મિત્ર લગ્નના મંડપમાં બેઠો : એકની ધરપકડ : ત્રણ મિત્રો હોડી-ચકલા સર્કલથી રોહીતને દારૂ પીવડાવવા નભોઈ લાવ્યા ને રહેંશી નાખ્યો

ગાંધીનગર, તા. ૧૯

નભોઈ કેનાલ પાસેથી ગળુ કાપી નાંખેલી હાલતમાં મેઘાણીનગરના યુવાનનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ હત્યા પ્રકરણનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. ગાંધીનગર ડીવીઝનના એએસપી તથા ઈન્ફોસિટી પોલીસે એક હત્યારાની ધરપકડ કરી લીધી છે. હત્યારાએ મિત્રને દારૂ પિવડાવીને ગળુ કાપી નાંખ્યુ હતુ અને ચાલુ રીક્ષામાં કેનાલ પાસે ફેંકી દીધો હતો. જે તેનો મિત્ર જ હતો અને તેના લગ્ન પણ તે જ દિવસે હતા. મિત્રની હત્યા કરીને તે શખ્સ લગ્નના મંડપમાં બેઠો હતો. આ હત્યા પ્રકરણમાં અન્ય બે મિત્રોએ પણ મદદગારી કરી હતી તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરીને મિત્રની જ હત્યા કરવા પાછળનું કારણ બહાર લાવવા ઈન્ટ્રોગેશન શરૂ કર્યુંછે.

મેઘાણીનગરમાં પસ્તી ઉઘરાવવાનો ધંધો કરતા ૨૪ વર્ષિય રોહીત પટણીની લાશ નભોઈ કેનાલ પાસેથી ગળુ કાપેલી હાલતમાં મળી આવી હતી જે અંગે ત્રણ દિવસની મહેનતને અંતે પોલીસને હત્યારાઓ સુધી પહોંચાવાનું પગેરૂ મળી ગયું છે.

ત્રણ મિત્રોએ મળીને જ તેની હત્યા કરી નાંખી હોવાનું બહાર આવ્યું છે પરંતુ કેમ? તે હજુ સ્પષ્ટ જાણવા મળ્યું નથી. મળતી માહિતી મુજબ હોડી ચકલા સર્કલ પાસે એમએલએ ક્વાર્ટરમાં રહેતા અનીલ ભરત પટણીના તે જ દિવસે લગ્ન હતા અને લગ્નની પાર્ટીના બહાને દારૂ પીવડાવી નશામાં ચકચૂર કરીને રોહીતને ત્રણ મિત્રો મળીને રીક્ષામાં નભોઈ લઈ આવ્યા હતા અને ચાલુ રીક્ષાએ ગળુ કાપી નાંખીને લાશ ફેંકી ત્રણેય ભાગી ગયા હતા. બપોરે હત્યા કર્યા બાદ અનીલ તેના લગ્નની વિધિ માટે મંડપમાં બેઠો હતો અને ફેરા ફર્યા હતા. આસી. સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ કરણસિંહ વાઘેલાએ તેમની ટીમ સાથે મળીને હત્યારા અનીલ પટ્ટણીની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરૂ કરી છે. ગુનામાં મદદગારી કરનાર અન્ય બે આરોપી મિત્રોને પકડવા તથા હત્યા માટે વપરાયેલો છરો અને રીક્ષા કબ્જે લેવા પોલીસે તજવીજ શરૂ કરી છે. રિમાન્ડ દરમ્યાન મિત્રની હત્યા કરવાનું કારણ બહાર આવે તેવી શક્યતા છે.

આજે વૈજનાથ મંદિરે રૂદ્રાભિષેક

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના રૂદ્રાભિષેક મંડળ દ્વારા તા. ૨૦મી ડિસેમ્બર શનિવારે માગશર માસની શિવરાત્રી હોવાથી સે. ૨૧માં ચ-૬ સર્કલે આવેલ વૈજનાથ મહાદેવ મંદિરે બપોરે ૪ વાગે રૂદ્રાભિષેક યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા નગરની તમામ ધર્મપ્રેમી જનતાને નિમંત્રણ અપાયું છે.

સરગાસણ પ્રાથમિક શાળાના બાળકોના દાંતની ચકાસણી કરાઈ

ભાજપના કિસાન મોર્ચા દ્વારા સંબંધ સંસ્થા અને કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલના સહયોગથી ડેન્ટલ ચેક અપ કેમ્પ યોજાયો : ફલોરાઈડ તેમજ પડીકીઓના વ્યસનને કારણે બાળકોના દાંત ગંભીર રોગના શિકાર

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ભાજપ મહાનગર કિસાન મોર્ચા દ્વારા સરગાસણ પ્રાથમિક શાળામાં ડેન્ટલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉવારસદની કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ આ દાંત તપાસણી શિબિરમાં શાળાના ૨૭૭ બાળકોના દાંતની તપાસ કરવામાં આવી હતી. જેમાં ફલોરાઈડયુક્ત પાણીના કારણે તેમજ ગુટખા-સોપારીની પડીકીઓ ખાવાથી બાળકોના દાંત પીળા પડી જવા અને મોઢું ખુલી ના શકાય જેવી અનેક ગંભીર સમસ્યાઓ ધ્યાને ચઢી હતી.

બાળકોના દાંત તપાસી રહેલા ડોકટરોએ ગામના પાણીમાં ફલોરાઈડનું પ્રમાણ ખુબ વધુ હોવાથી બાળકો અને ગ્રામજનોના દાંત પીળા પડી ગયા હોવાનું તારણ રજૂ કર્યું હતું અને આ તકલીફો ઈલાજ ન હોવાનું જણાવ્યું હતું. આ ચેકઅપ કેમ્પમાં આશ્ચર્યજનક રીત માત્ર ધોરણ-૫માં ભણતા બાળકને સોપારીની પડીકીઓ ખાવાથી મોઢું પુરતું ખુલતું ન હોવાનું ધ્યાનમાં આવતા પ્રાથમિક શાળાના બાળકો પણ વ્યસનના શિકાર બની રહ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી બાળકોના દાંતની ચકાસણી કરી રહેલી ડોકટરોની ટીમ પણ ચોંકી ઉઠી હતી.

આ ડેન્ટલ ચેક અપ કેમ્પમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના આયોજનમાં ભાજપ કિસાન મોર્ચાને 'સંબંધ' સંસ્થાનો સહયોગ સાંપડયો હતો. આ કેમ્પમાં પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, ભાજપના શહેર અધ્યક્ષ નીતિનભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, મહામંત્રી કનુભાઈ દેસાઈ, યુવા મોર્ચા મહામંત્રી મયુરભાઈ પટેલ, યુવા મોર્ચાના મંત્રી આર.આર. પટેલ, વસંતભાઈ, અતુલભાઈ તથા રણછોડભાઈ રથવી વગેરે પ્રાથમિક શાળાના આચાર્યા સ્તુતિબેન જોષી, ગામના સરપંચ જસવંતસિંહ

કિસાન મોર્ચાના ઉપાધ્યક્ષ નિલેશ શાહ સહિત વિપુલ પટેલ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા સરગાસણ ઠાકોર અને ડેપ્યુટી સરપંચ ચેહુજી વાઘેલાએ ભારે જહેમત ઉઠાવી હતી.

માણસા ખાતે કૃષિ મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

રાજયભરમાં દ્વિતીય તબક્કાનો રવિ કૃષિ મહોત્સવ યોજાઈ રહ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાનો છેલ્લો રવિ કૃષિ મહોત્સવ આજરોજ માણસા તાલુકામાં યોજાયો હતો. ગાયત્રી મંદિર, માણસા ખાતે યોજાયેલા રવિ કૃષિ મહોત્સવના અધ્યક્ષ સ્થાને રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓના રાજય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીના ઉપસ્થિત રહયાં હતા. માણસા તાલુકાના ખેડૂત લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે રૂપિયા ૪ લાખથી વધુની કૃષિ અને બાગાયતની વિવિધ યોજનાઓના સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી અને મહાનુભાવોના હસ્તે માણસા તાલુકાના વિવિધ ગામોના ૨૬ ખેડૂતોને કૃષિ અને બાગાયતની વિવિધ યોજનાઓ હેઠળ ટ્રેકટર, મીની ટ્રેકટર, રોટાવેટર, ઘનિષ્ટ ફળપાક, થ્રેસર, ઓઈલ એન્જીન, કલ્ટીવેટર અને તાડપત્રીના રૂપિયા ૪,૩૦,૯૭૨ના સહાય ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ -સંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત આત્માના ન્નેજેક્ટ ડાયરેકટર શ્રી કે.ટી. પટેલે કર્યું હતું. આભાર વિધી નાયબ બાગાયત નિયામક (વિસ્તરણ) શ્રી જે.બી. ઉપાધ્યાયે કરી હતી. માણસા ખાતે યોજાયેલ રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાત મકાન અને બાંધકામ બોર્ડના અધ્યક્ષ શ્રી ડૉ. અનિલભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, જિલ્લા -ભારી સચિવ શ્રી એમ.એસ.ડાગુર, જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, માણસા તાલુકા પંચાયત -મુખ શ્રી જાગૃતિબેન પટેલ, માણસા નગરપાલિકાના -મુખ શ્રી ગોવિંદભાઈ પટેલ, જિલ્લા ખેતી અધિકારી શ્રી મહાવીરસિંહ વાઘેલા, નાયબ બાગાયત અધિકારી શ્રી જે.બી.પટેલ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહયાં હતાં.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૭ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦. ૦૦

સ્ક્રીન-૨ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
પી.કે. : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
એકશન જેકસન : ૩.૪૫, ૧૦.૦૦
લિંગા (તમીલ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
પી.કે. : ૧૧.૧૫

: સ્ક્રીન-૬ :
પી.કે. : ૧૦.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦

સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫

સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મઆધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા- પ્રવાસનું આયોજન થશે.

તુલા : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. ગીરધરભાઈ ખોડાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૮૦) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. મેઘવાલ સમાજી મોળાજી (ઉ.વ.૭૫) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન નાથુભાઈ વાળંદ (ઉ.વ.૭૫) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર